# Press Statement on incident involving loss of lives of Indian fishermen

January 21, 2021

## ભારતીય માછીમારોનાં જીવન ગુમાવવાની બાબતમાં સામેલ ઘટના પર પ્રેસ સ્ટેટમેન્ટ

જાન્યુઆરી 21, 2021

તેઓની હોડીઓ અને શ્રીલંકાની નેવીનાં જહાજ વચ્ચે અથડામણ થવાથી ત્રણ ભારતીય માછીમારો અને એક શ્રીલંકાનાં નાગરીકનાં મૃત્યુ થવાની કમનસીબ બાબત પર અમને આઘાત લાગ્યો છે.

આ ઘટના બાબતમાં અમારો કઠોર વિરોધ આપણા હાઈ કમિશનર દ્વારા શ્રી લંકાનાં વિદેશ મંત્રાલયને આજે પાઠવવામાં આવ્યો હતો. નવી દિલ્હીમાં શ્રીલંકાનાં કાર્યકારી હાઈ કમિશનર સામે પણ પ્રબળ રાજદ્વારી વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જીવન ગુમાવવા પર અમારી ગહન વ્યગ્રતા વ્યક્ત કરતા, અમે માનવીય રીતે માછીમારો સંબંધિત મુદ્દાઓને ઉકેલવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો.તે બાબતમાં બન્ને સરકારો વચ્ચેની પ્રવર્તમાન સમજૂતિઓનું ચૂસ્ત રીતે પાલન કરવું અનિવાર્ય છે. આવી ઘટના ફરીથી ન થાય તે સુનિશ્ચિત કરવા માટે મહત્તમ પ્રયાસો કરવા જોઈએ.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 21, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.